## ૭ એક છલાંગે દરિયો કૂદો

T5N4D1

### ચાલો, ગાઈએ ગીતડું :

લંકા તારી સળગી ગઈ
પૂંછડી મારી સાજી રહી...

તેલ પણ તારું, ગાભાં તારાં
દીવાસળી પણ તારી ગઈ
પૂંછડી મારી સાજી રહી...

સળગ્યાં મકાનો ને સળગ્યા મહેલો
ઊભી બજાર પણ સળગી ગઈ
પૂંછડી મારી સાજી રહી...





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાર્તા વાંચો :

એક સરસ મજાનું જંગલ હતું. જંગલમાં માતા અંજની અને પિતા કેસરી સાથે પુત્ર હનુમાન રહે. પિતા આખો દિવસ કામકાજ માટે ઘર બહાર રહે. રોજ સવારે ઘરેથી જાય, સાંજે પાછા આવે. ઘરમાં નાનકડા હનુમાન માતા સાથે વાતો કરે, રમે અને માતાના કામમાં મદદ પણ કરે. હનુમાન બધાં કામ ખૂબ ઝડપથી પતાવી દે. બાકીનો બધો સમય માતા સાથે વાતો કરે અને રમે.

એક દિવસની વાત છે. અંજની માતાને રસોઈ બનાવવાનો સમય થયો હતો પણ હનુમાન તો માતા સાથે રમવા માગતા હતા. માતાએ વિચાર્યું, 'હનુમાનને કોઈ એવું કામ સોંપું કે જેથી એ કામ પૂરું કરતાં એને સમય લાગે અને એટલીવારમાં હું રસોઈ કરી દઉં. પછી હનુમાન આવશે ત્યારે એના બાપુજી પણ આવશે. ત્રણેય જણ સાથે જમીને પછી નિરાંતે વાતો કરીશું.' આમ વિચારી તેમણે કહ્યું, "બેટા હનુમાન, જંગલમાંથી થોડાં પાકાં ફળ લેતો આવ."

"જી, માતાજી." હનુમાને જવાબ આપ્યો.

હનુમાન તો ઘરની બહાર નીકળ્યા અને પોતાના જમણા હાથનો અંગૂઠો પકડ્યો. અરે આ શું? હનુમાન તો મોટા ને મોટા થવા લાગ્યા. હાથ પણ લાંબા ને લાંબા થવા લાગ્યા! પોતાનો હાથ લંબાવીને દૂરનાં ઝાડ પરથી પાકાં ફળ તોડી લીધાં હજી તો માતા રસોડામાં ગયાં ન ગયાં ત્યાં તો ફળ હાજર!

"હેં? એટલીવારમાં પાકાં ફળ આવી ગયાં? તારા બાપુ લાવ્યા?" હનુમાને કંઈ જવાબ ન આપ્યો. એ તો મરકમરક હસતા રહ્યા. માતાજી વાત સમજી ગયાં.

"સમજી, મને ખબર છે, જમણા હાથનો અંગૂઠો પકડીને તને મોટા થતાં આવડે છે!"

"ચાલોને મા, આપણે કંઈ રમીએ!" હનુમાને વિનંતી કરતાં કહ્યું.

"ના બેટા, હમણાં તારા બાપુજી આવશે. એમના માટે જમવાનું બનાવવાનું બાકી છે. જમીને પછી આપણે રમીશું."

"ના, મારે તો અત્યારે જ રમવું છે."

"ઠીક છે, તું એકલો એકલો બહાર રમ. હું ઘરમાં રસોઈ બનાવું. પણ જોજે પાછો, વારેવારે ઘરમાં આવીને મને હેરાન ન કરતો." હનુમાને જવાબ ન આપ્યો, માત્ર મરકમરક હસ્યા.

"તું એમ નહીં માને. લાવ ઘરની જાળી બંધ કરી દઉં. પછી કેવી રીતે આવીશ?" એમ કહીને માતાએ જાળી બંધ કરી અને રસોઈ કરવા બેઠાં.

હનુમાન ઘરની બહાર અને માતાજી અંદર. માતાજી રોટલી બનાવતાં જાય અને છાબડીમાં મૂકતાં જાય. થોડીવાર પછી માએ છાબડીમાં જોયું તો એક પણ રોટલી નહીં. આજુબાજુ જોયું, પણ કોઈ દેખાયું નહીં.

માને વહેમ પડ્યો. એટલે મોટા અવાજે બૂમ પાડી, "હનુમાન!"

હનુમાને બહારથી જ કહ્યું, "હા મા".

"જો મને ખબર છે કે રોટલી તેં જ ખાધી છે. પણ મને એ કહે કે તું અંદર આવ્યો ક્યારે અને કેવી રીતે?"



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મરકમરક હસીને હનુમાને કહ્યું, "અંગૂઠો પકડીને મોટા થવાય એમ ટચલી આંગળી પકડું તો નાના પણ થવાય છે."

"એમ? એટલે તું જાળીની વચ્ચેની જગ્યામાંથી આવ્યો'તો એમ ને?"

'હા મા".

"હે ભગવાન, આ છોકરો મને જંપવા જ દેતો નથી!" એમ કહીને હનુમાનને લાડથી તેડી લીધો.

## વાતચીત :

૧. તમે ઘરમાં કયાં કયાં તોફાન કરો છો?

૨. તમે તોફાન ન કરો તે માટે મમ્મી/પપ્પા તમને શું કહે છે?

૩. તમે કેવી મસ્તી/મજાક કરો તો મમ્મી પપ્પા ખુશ થઈ જાય છે?

૪. હનુમાનનું કયું તોફાન તમને બહુ ગમ્યું?

૫. હનુમાનને હંમેશાં શું કરવું ગમતું હતું?

૬. 'હજી તો માતા રસોડામાં ગયાં ન ગયાં ત્યાં તો ફળ હાજર!' આ વાક્યને આધારે કહો કે હનુમાન ફળ લાવ્યા ત્યારે માતા રસોડામાં હશે?

૭. માતાએ એવું કેમ માન્યું કે રોટલી હનુમાને જ ખાધી હશે?

૮. હનુમાન પોતાના શરીરને નાનું-મોટું કેવી રીતે કરતા હતા?

૯. માતાએ હનુમાનને પાકાં ફળ લાવવાનું કેમ કહ્યું હશે?

૧૦. આ ઘટના કયા સમયની હશે? સવાર, બપોર કે સાંજ? તમને કેવી રીતે ખબર પડી?

૧૧. હનુમાનની જેમ તમારે નાના-મોટા થવાનું હોય તો શું શું કરો? દા.ત. માથા પર ટપલી મારો, કાન ખેંચો વગેરે.

૧૨. તમે હનુમાનની જેમ નાના મોટા થઈ શકતા હો તો શું શું કરો?

## નીચે આપેલાં વાક્યોમાં શબ્દોની ભેળસેળ થઈ ગઈ છે. પાઠમાંથી શોધીને સાચાં વાક્યો લખો. :

વિદ્યાર્થીને જોડીમાં બેસાડી આ પ્રવૃત્તિ કરાવો.

૧. હતો બનાવવાનો માતાને સમય થયો રસોઈ

૨. એક પણ થોડીવાર જોયું પછી માએ તો રોટલી નહીં છાબડીમાં



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. લંબાવીને પરથી ઝાડ હાથ દૂરના ફળ તોડી પોતાનો લીધાં પાકાં

૪. જાય રોટલી જાય મૂકતાં બનાવતાં અને માતાજી છાબડીમાં

૫. પકડીને થતાં અંગૂઠો હાથનો છે તેને મોટા આવડે જમણા

## જોડીમાં કામ કરો :

- **નીચે આપેલા શબ્દોમાં યોગ્ય સ્વર ચિહ્ન (ા, ે, ં, ી, ુ, ૂ, ં, ો) ઉમેરીને નવા શબ્દ બનાવો.**

ઉદા. : હનમન - હનુમાન

| | | | | | |
|---|---|---|---|---|---|
| મતજ | | અગઠ | | અજન | |
| કસર | | અગળ | | ટચલ | |

- **ચાલો, ગાઈએ ગીતડું :** લંકા તારી સળગી ગઈ...

## વાંચો :





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**દરવાન** : મહારાજની જય હો! મહારાજ, કેટલાક સૈનિકો એક વાનર જેવા માણસને લઈને સભાગૃહમાં આવવાની રજા માગે છે.

**રાવણ** : આવવા દો.

*(ચાર-પાંચ સૈનિકો હનુમાનને એક દોરડાથી બાંધીને લાવે છે.)*

**રાવણ** : અરે! આ કોણ છે? નથી માણસ કે નથી વાંદરો. એને અહીં શું કામ લાવ્યા છો? શું કામ છે?

**હનુમાન** : હું વા-નર છું. હું થોડો મનુષ્ય જેવો છું.

**સૈનિક** : મહારાજ, આ બહુ તોફાની છે. એ આપને મળવાની જીદ કરતો હતો. એ પોતે દરિયાપારથી આવ્યો છે એમ કહે છે.

**રાવણ** : બોલ વાનર, શું કામ છે ?

**હનુમાન** : મારે કશું કામ નથી. આ તમારા સૈનિકો મને પકડી લાવ્યા છે.

**સૈનિક** : મહારાજ, આ માણસે આખી અશોકવાટિકા ખેદાનમેદાન કરી નાખી છે. બધાં ઝાડ પરથી બધાં ફળ ખાઈ ગયો. એટલું જ નહીં, કેટલાંક ઝાડ પણ મૂળમાંથી ઉખેડી નાખ્યાં.

**હનુમાન** : એ બધાં તો સૂકાં ઝાડ હતાં.

**રાવણ** : અરે મૂર્ખ વાનર, વચ્ચે ન બોલ. હવે કહે, તે શા માટે તોફાન કર્યું ? તું દરિયાપારથી આવ્યો છે, એ વાત સાચી છે?

**હનુમાન** : હા.

**રાવણ** : પણ, આવડો મોટો દરિયો ઓળંગીને કોઈ કેવી રીતે લંકામાં પ્રવેશ કરી શકે?

**હનુમાન** : જુઓ મહારાજ, એ જાણવું હોય તો મને પણ તમારા મંત્રીઓ બેઠા છે એવા આસન પર બેસાડો, પછી કહું.

**રાવણ** : તું એક તુચ્છ વાનર, લંકાની રાજસભામાં આસન પર બેસીશ?

**હનુમાન** : ના, હું પ્રભુ શ્રીરામનો સેવક છું. રામદૂત તરીકે આપની સામે ઉપસ્થિત છું. અત્યારે આપનો મહેમાન છું. એટલે આસન તો આપવું જ પડે.

*(રામનું નામ સાંભળીને રાવણ વધુ ગુસ્સે થયો.)*

**રાવણ** : સૈનિકો, આ વાનરને હમણાં જ જેલમાં પૂરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**એક મંત્રી** : ક્ષમા મહારાજ, પણ આ અન્ય રાજ્યમાંથી આવ્યા છે એટલે આપણા મહેમાન કહેવાય. એમને જેલમાં ન પૂરાય. હું આપને વિનંતી કરું છું કે એમને આસન પણ આપવું જોઈએ.

**રાવણ** : બિલકુલ નહીં. એણે જે કહેવું હોય તે ઊભા ઊભા જ કહેવું પડશે.

*આમ કહી, હનુમાને પોતાના હાથની એક આંગળી ખેંચી અને પૂંછડી લાંબી થવા માંડી ! પૂંછડીને ગોળ ગોળ ગૂંચળા જેમ ગોઠવવા માંડી. પૂંછડી ખૂબ લાંબી થઈ એટલે રાવણ કરતાં પણ ઊંચું આસન થયું. હનુમાન તો કૂદકો મારીને એની ઉપર બેસી ગયા. રાવણ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો.*

**રાવણ** : આ વાંદરાને તાત્કાલિક પકડી લો. એની પૂંછડી કાપી નાખો કે સળગાવી નાખો.



**મંત્રી** : પણ મહારાજ...

**રાવણ** : પણ ને બણ... આ મારી આજ્ઞા છે કે એ ઊભો જ રહેશે.

**હનુમાન** : કંઈ વાંધો નહીં, મને આસન પર બેસતાં આવડે છે.

*મંત્રીઓ અને સૈનિકો હનુમાનની* આવી શક્તિથી ડરી ગયા એટલે એમ ને એમ ઊભા રહ્યા. હનુમાન પોતાના પૂંછાસન પર બેઠા બેઠા હસતા *રહ્યા.*



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**રાવણ** : સૈનિકો, તાત્કાલિક મારી આજ્ઞાનું પાલન કરો, આ અભિમાની વાનરની પૂંછડી સળગાવી દો.

સૈનિકો ક્યાંકથી થોડાં ગાભાં-ગોદડાં લાવ્યાં અને હનુમાનની પૂંછડી પર વીંટાળ્યાં. ક્યાંકથી તેલ લાવીને એ ગાભાં-ગોદડાં પર રેડ્યું. છેલ્લે દીવાસળીથી પૂંછડી સળગાવી.

*જેવી પૂંછડી સળગી કે તરત હનુમાને પોતાનું પરાક્રમ શરૂ કર્યું. લાંબી પૂંછડીનો છેડો જુદી જુદી જગ્યાએ અડકાવવા માંડ્યો. ઘડીકમાં આ ખૂણે તો ઘડીકમાં પેલા ખૂણે. આખી રાજસભામાં ભાગંભાગ થઈ ગઈ. હનુમાન તો સળગતી પૂંછડી સાથે ત્યાંથી કૂદીને રાજમહેલનાં બીજાં મકાનો તરફ ગયા. ત્યાંથી બજાર બાજુ ગયા. જ્યાં ગયા ત્યાં આગ લાગવા માંડી. લંકાના રાક્ષસો નાસભાગ કરવા લાગ્યા. સૈનિકો એક જગ્યાએ આગ હોલવે ત્યાં હનુમાન બીજી જગ્યાએ પૂંછડી અડકાડે. ઠેકઠેકાણે આગ લાગી. હનુમાન તો હસતા જાય, આગ લગાડતા જાય ને ગાતા જાય...*

લંકા તારી સળગી ગઈ
પૂંછડી મારી સાજી રહી...
તેલ પણ તારું, ગાભાં તારાં
દીવાસળી પણ તારી ગઈ
પૂંછડી મારી સાજી રહી...
સળગ્યાં મકાનો ને સળગ્યા મહેલો
ઊભી બજાર પણ સળગી ગઈ
પૂંછડી મારી સાજી રહી...

**વાક્યો સાચાં છે કે ખોટાં તે નક્કી કરો. ✓ અથવા ✗ કરો :**

૧. રાવણના મંત્રી ઈચ્છતા હતા કે હનુમાનને સન્માન મળે. ☐

૨. રાવણ વધુ ગુસ્સે થયો કારણ કે હનુમાન રાવણ કરતાં વધુ ઊંચા આસને બેઠા. ☐

૩. હનુમાને સભાગૃહમાં મંત્રીઓ જેવી બેઠક વ્યવસ્થા માગી. ☐

૪. હનુમાન પોતાની મરજીથી લંકાના સભાગૃહમાં ગયા. ☐

૫. રાવણે બીજા રાજ્યમાંથી આવનાર મહેમાનનું માન જાળવ્યું. ☐

૬. હનુમાને સળગતાં ગાભાં-ગોદડાં નાખીને લંકાના મહેલમાં ઠેર-ઠેર આગ લગાડી. ☐

૭. પૂંછડીને લીધે હનુમાનનું આસન ઊંચા પીપડા જેવું બની ગયું. ☐

૮. રાવણે હનુમાનને નીચે ઊભા ઊભા જ વાત કરવા વિનંતી કરી. ☐

૯. હનુમાને રાવણને જણાવ્યું કે તેમણે શા માટે ઝાડવાંને નુકસાન કર્યું. ☐

૧૦. હનુમાન દરિયા જેવી મોટી નદી કૂદીને લંકા આવ્યા હતા. ☐



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાચન :

તમારા શિક્ષકની સૂચના મુજબ વારાફરતી આખો પ્રસંગ વાંચો. દરેક વિદ્યાર્થી ત્રણ-ચાર લીટી વાંચશે. આમ, આખો પ્રસંગ બે-ત્રણવાર વંચાશે. એક વિદ્યાર્થી વાંચે ત્યારે બાકીના તમામ વિદ્યાર્થીઓ પોતાના પુસ્તકમાંથી મૂકવાચન કરશે.

## શબ્દશોધ :

**નીચે આપેલા કોષ્ટકમાં કેટલાક શબ્દો છુપાયા છે. આ શબ્દો પૈકી કેટલાક શબ્દો પાઠમાં છે, જ્યારે કેટલાક શબ્દો આ પાઠમાં નથી. પાઠમાં આવતા અને ન આવતા શબ્દો શોધો અને જુદા પાડીને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| હ | સ | લં | મ | ન | મા |
| સ | નુ | રા | કા | મં | સી |
| વા | મુ | મા | આ | ત્રી | ભા |
| ન | વ | દ્ર | ન | ગ | ર |
| ર | ન | વ | સી | તા | ત |

| | **પાઠમાં આવતા શબ્દો** | **પાઠમાં ન આવતા શબ્દો** |
|---|---|---|
| ઉદા. | હનુમાન | સમુદ્ર |
| | ______ | ______ |
| | ______ | ______ |
| | ______ | ______ |
| | ______ | ______ |
| | ______ | ______ |

## નીચેનું વાક્ય કોણ બોલી શકે? કૌંસમાંથી સાચો વિકલ્પ પસંદ કરો અને ખાલી જગ્યામાં લખો.

૧. હું મારી જાતે તમારી સભામાં નથી આવ્યો. - (રાવણ, સૈનિક, હનુમાન)

______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. મને તો અશોકવાટિકામાં કેળાં ખાવાની મજા પડી ગઈ હતી. - (સૈનિક, હનુમાન, મંત્રી)

૩. આ વાનરનો ગર્વ ઉતારવો પડશે. - (રાવણ, સૈનિક, મંત્રી)

૪. બીજા રાજ્યના મહેમાન સાથે સારો જ વ્યવહાર કરવો જોઈએ. - (રાવણ, સૈનિક, મંત્રી )

૫. આ વાનરને નિર્બળ સમજીને મેં ભૂલ કરી. - (રાવણ, સૈનિક, હનુમાન)

૬. લે, આ તેલ ગાભા પર રેડી દે. - (રાવણ, સૈનિક, હનુમાન)

૭. હવે તો રાવણનું આસન પણ સળગાવું. - (રાવણ, મંત્રી, હનુમાન)

૮. ઓ બાપ રે, આવડી મોટી પૂંછડી, મને તો બીક લાગે છે. - (રાવણ, સૈનિક, મંત્રી)

૯. મારી વાત માની હોત તો આ આગ ન લાગી હોત. - (રાવણ, મંત્રી, હનુમાન)

૧૦. ભાગો! ભાઈ દરિયામાં ભાગો! આ વાનર તો આખું ગામ સળગાવી દેશે. - (રાવણ, સૈનિક, મંત્રી)

**આ પ્રસંગમાં આવતા પાંચ નવા શબ્દો નોંધો. એ શબ્દનો ઉપયોગ કરીને તમારા શિક્ષક એક વાક્ય બનાવશે. તેના પરથી અર્થ સમજીને અર્થ લખો. પછી તે શબ્દનો ઉપયોગ કરી નવું વાક્ય લખો :**

દા.ત. ખેદાનમેદાન કરવું : બગાડી નાખવું

આ વર્ષે વાવાઝોડાને લીધે આખો વિસ્તાર ખેદાનમેદાન થઈ ગયો.

૧. :

૨. :

૩. :

૪. :

૫. :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો ગાઈએ ગીતડું :** લંકા તારી સળગી ગઈ...

## રમો : છોટા હનુમાન

એક મેદાનમાં આઠ-દસ ફૂટ લાંબી લીટી દોરો. એ લીટી પર એક સાથે ચાર-પાંચ મિત્રો ઊભા રહો. બંને પગ એવી રીતે ભેગા રાખો કે જેથી બંને પગ એકબીજાને સ્પર્શેલા હોય. હવે, તમારા શિક્ષક પૂછશે : 'લંકામાં તો જાશે કોણ?' પાંચ મિત્રો એક સાથે બોલશે, 'અમે જશું ભાઈ, અમે જશું'. પછી શિક્ષક બોલશે, 'ફતેહ કરો ભાઈ, ફતેહ કરો'. શિક્ષક આવું બોલે ત્યારે બધાં મિત્રો એક સાથે કૂદશે. જે સૌથી વધુ લાંબું કૂદ્યા હોય તેવા વિદ્યાર્થી અલગ ઊભા રહેશે. આમ વર્ગના બધા વિદ્યાર્થીઓને ચાર-પાંચના જૂથમાં રમાડી, દરેક જૂથના વિજેતા નક્કી થશે. ત્યારબાદ દરેક જૂથના વિજેતાઓનું એક જૂથ બનશે. આ જૂથ પણ આવી જ રમત રમશે. આ વખતે આ વિજેતાનું જૂથ સમૂહમાં બોલશે. 'લંકામાં તો જાશે કોણ?' ત્યારે વર્ગના બીજા બધા વિદ્યાર્થીઓ એકસાથે બોલશે, 'તમે જશો ભાઈ, તમે જશો?' આ જૂથ પણ એકસાથે કૂદશે. જે વિદ્યાર્થી સૌથી લાંબું કૂદે તેનો કૂદકો 'હનુમાન કૂદકો' કહેવાશે.

એક જૂથના વિજેતા ચાર ફૂટ કૂદે છે. એ જ જૂથના બીજા વિદ્યાર્થી સાડા ત્રણ ફૂટ કૂદે છે. ત્યારબાદ બીજું જૂથ આવે છે. તેના વિજેતા ત્રણ ફૂટ કૂદે છે. આવું થાય ત્યારે વિજેતા જૂથમાં કોને કોને રાખવા જોઈએ, તેની ચર્ચા તમારા શિક્ષક સાથે કરો.

## નીચે બે બે શબ્દો આપ્યા છે. આ બંને શબ્દ પૈકી એકનો ઉપયોગ કરીને પહેલાં એક વાક્ય બનાવો. ત્યારબાદ બંને શબ્દોનો ઉપયોગ કરીને એક વાક્ય બનાવો :

ઉદા. નદી, ઊંડી

અમે નદીમાં નાહ્યા. અમે ઊંડી નદીમાં નાહ્યા.

૧. તળાવ, ઊંડું :

૨. દરિયો, ઊંડો :

૩. કૂદકા, ઊંચા :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


૪. જંગલ, ગાઢ :

૫. લાંબો, ખૂબ :

૬. દૂર, અને :

૭. છત્રી, ધોધમાર :

## ગીત :



હનુમાનજી, દેજો સંદેશો મારા રામને

આટલું કે'જો મારા રામને... હનુમાનજી૦



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અશોક વનમાં ઝૂરી રહી છું,

રામના વિયોગની વેદના સહું છું

વહેલા મોકલજો મારા રામને... હનુમાનજી૦

લંકાની નગરી તો સોને મઢેલી

રાક્ષસોની ભૂમિ છે દગા ભરેલી

એવું કહેજો મારા રામને... હનુમાનજી૦

લંકાની નગરીનો રાજા રાવણ છે

દસ એનાં મસ્તક ને વીસ એના હાથ છે

ચેતાવી દેજો મારા રામને... હનુમાનજી૦

### ગીતમાં આવતા શબ્દોને નીચેના કોઠામાં લખો :

| માણસનું નામ | સ્થળ | ક્રિયા |
|---|---|---|
| | | |
| | | |
| | | |

### કોષ્ટકની મદદથી નીચેના પ્રશ્નોના જવાબ આપો :

૧. રામને સંદેશો કોણ આપશે?

૨. સીતા ક્યાં છે?

૩. સીતા શું સહન કરી રહ્યાં છે?

૪. લંકાનો રાજા કોણ છે?

૫. રામના વિયોગમાં કોણ દુ:ખી છે?


### ગૃહકાર્ય :

તમારા ગામમાં રામ, લક્ષ્મણ, સીતા, હનુમાન વગેરેનાં ગીતો ગવાતાં હશે. તમારા ઘરમાં કે પાડોશમાં રહેતા વડીલો પાસેથી એક ગીતની પાંચ-છ લીટી લખી લો. આ ગીત કે ભજનની વર્ગમાં રજૂઆત કરો. (દરેક વિદ્યાર્થી આવું એક ગીત કે ભજન લાવશે. તેથી દરરોજ ચાર-પાંચ વિદ્યાર્થી પણ રજૂઆત કરી શકે.)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો :



**રામ** : કહો હનુમાન, સીતાના કોઈ સમાચાર મળ્યા?

**હનુમાન** : હા પ્રભુ, માતા સીતા લંકાની અશોકવાટિકામાં છે.

**રામ** : હાશ! સીતા જીવે છે. સીતા મજામાં તો છે ને?

**હનુમાન** : (આંખમાં આંસુ સાથે) પ્રભુ, આપનાથી દૂર રહીને માતા કેવી રીતે મજામાં હોય?

**રામ** : હા, એ સાચું. પણ કહે, તેં મારી વીંટી સીતાને આપી હતી? મારો સંદેશો આપ્યો હતો? સીતાએ મારા માટે કોઈ સંદેશ કહેવડાવ્યો છે?

**હનુમાન** : હા પ્રભુ, એ વીંટીથી તો માતાએ મને ઓળખ્યો અને મારી સાથે વાત કરી. માતાએ કહ્યું છે કે પ્રભુને કહેજો કે ચિંતા ન કરે. પણ પ્રભુ, સાચું કહું તો મને માતાની ખૂબ ચિંતા થાય છે.

**એક વાનર** : હનુમાન, તમે છેક ત્યાં જઈને આવ્યા તો પછી માતા સીતાને લાવ્યા કેમ નહીં?

**હનુમાન** : મેં માતાને કહ્યું કે હું તમને મારા ખભે બેસાડીને પ્રભુ પાસે લઈ જઉં. પણ માતાએ ના પાડી. માતાએ કહ્યું કે તું સંદેશવાહક છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તેં તારું કામ પૂર્ણ કર્યું. તું જા. હું તો મારા સ્વામી શ્રીરામની સાથે જ આવીશ.

**સુગ્રીવ** : ધન્ય માતા, ધન્ય! પ્રભુ પર આપનો કેવો અટલ ભરોસો!

**હનુમાન** : પ્રભુ, આપણે હવે બહુ ઝડપથી લંકા જવું જોઈએ. અત્યારે રાવણ અને બીજા રાક્ષસો બહુ ગુસ્સામાં હશે, કદાચ માતાને તકલીફ આપે. (હનુમાન ફરીથી રડવા લાગ્યા.)

**રામ** : હા હનુમાન, આપણે સૌ બહુ જલદી લંકા પહોંચીશું. તું સીતાની ચિંતા છોડી દે. આવા હજાર રાવણ આવે કે લાખો રાક્ષસો આવે, સીતાનો વાળ પણ વાંકો નહીં કરી શકે.

- **ચાલો, ગાઈએ ગીતડું :** લંકા તારી સળગી ગઈ...

**નીચે આપેલાં વાક્યો ધ્યાનથી વાંચો. આ વાક્યને આધારે શું કહી શકાય તે જણાવો. આ માટે ચાર-પાંચ મિત્રો જૂથમાં ચર્ચા કરો અને સાચા જવાબ શોધો.**

ઉદા. ''એ વીંટીથી તો માતાએ મને ઓળખ્યો''.

(અ) હનુમાને વીંટી બતાવી એટલે સીતાજીએ તેમને ઓળખ્યા. - **સાચું**

(બ) રાવણે વીંટી બતાવી એટલે સીતા ઓળખી ગયાં.

(ક) સીતાએ વીંટી જોઈને રામને ઓળખ્યા.

૧. ''પ્રભુ, આપનાથી દૂર રહીને માતાજી કેવી રીતે મજામાં હોય?''

(અ) સીતા દુ:ખી છે. (બ) રામ દુ:ખી છે. (ક) રામ અને સીતા દુ:ખી છે.

૨. ''માતાને પ્રભુ પર કેવો અડગ ભરોસો!''

(અ) સીતાને રામ પર ડગે નહીં તેવો વિશ્વાસ છે.

(બ) રામને ખબર છે કે સીતા જાતે પાછાં આવશે.

(ક) સીતાને વિશ્વાસ છે કે રામ લેવા નહીં આવે.

૩. ''હજાર રાવણ કે લાખો રાક્ષસો આવશે તોપણ સીતાનો વાળ વાંકો નહીં કરી શકે.''

(અ) સીતાના વાળ ખૂબ મજબૂત છે કે એને વાળી શકાય નહીં.

(બ) સીતા પોતે એટલાં શક્તિશાળી છે કે કોઈ એમને નુકસાન ન કરી શકે.

(ક) રાવણ અને રાક્ષસો એટલા બધા ઢીલા છે કે એક વાળ પણ વાળી ન શકે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. સાહેબ ગીત ગાય એટલે બધું કામ પડતું મૂકીને એમને જ સાંભળતા રહીએ.

(અ) સાહેબ બહુ સરસ ગાય છે એટલે સાંભળવાની બહુ મજા આવે છે.

(બ) સાહેબ એટલું ધીમું ગાય છે કે આપણે સાંભળવા માટે બીજાં કામ બંધ કરવાં પડે.

(ક) બીજાં કામ એટલાં ખરાબ છે કે એના કરતાં તો સાહેબનું ગીત સાંભળવું સારું.

૫. રોહન દોડે તો સસલાને પણ પાછળ પાડી દે.

(અ) રોહન સસલા જેટલી ઝડપથી દોડે છે.

(બ) સસલું ધીમે ધીમે દોડે છે.

(ક) રોહન સસલા કરતાં પણ વધુ ઝડપથી દોડી શકે છે.

**જૂથમાં કામ કરો.**

વાર્તાનાં ચિત્રો ધ્યાનથી જુઓ. તમને ચિત્રમાં શું-શું દેખાય છે તેની ચર્ચા તમારા મિત્ર સાથે કરો. ચર્ચા કર્યા બાદ મિત્રો સાથે મળીને આ ચિત્રો વિશે ત્રણ વાક્યનો ફકરો લખો.

**અગાઉ રમ્યાં હતાં તે રમત બીજી રીતે રમીએ :**

બધા વિદ્યાર્થીઓ ચાર-પાંચ જૂથમાં વહેંચાઈ જાઓ. દરેક જૂથે મેદાનમાં દોરેલી લીટી પર ઊભા રહેવું. આ લીટી પર દરેક જૂથના પ્રથમ સભ્યો હોય, ત્યારબાદ બીજા સભ્યો તેમની પાછળ ઊભા રહે. આ લીટીથી પંદર-વીસ ફૂટ દૂર બીજી એક આડી લીટી દોરો. બીજી લીટી પર શિક્ષક ઊભા રહેશે. શિક્ષક જ્યારે કહે કે 'લંકામાં તો જશે કોણ?', ત્યારે બધાં વિદ્યાર્થીઓ એક સાથે બોલશે 'અમે જશું ભાઈ, અમે જશું'. પછી શિક્ષક જ્યારે કહે કે 'ફતેહ કરો ભાઈ, ફતેહ કરો'. ત્યારે દરેક જૂથના પ્રથમ વિદ્યાર્થી કૂદે તે સ્થાનેથી પછી એ જ જૂથના બીજા વિદ્યાર્થી કૂદકો મારે. આમ જૂથના બધા મિત્રો વારાફરતી કૂદશે. જે જૂથ સૌથી ઓછા કૂદકામાં શિક્ષકની લીટી પર પહોંચે તે જૂથ વિજેતા ગણાશે.

- આ રમત રમવાની બે રીતમાંથી કઈ રીતમાં તમને વધુ મજા આવી? આ જ રમત બીજી કઈ રીતે રમી શકાય?

**આ વાર્તા તમારા ઘરના વડીલોને મોટેથી વાંચી સંભળાવો. તેમની પાસેથી રામાયણની બીજી વાતો જાણો :**

**કૌંસમાંના શબ્દો ઉમેરી વાક્ય ફરીથી લખો :**

૧. બતકમાતાએ ઈંડાં મૂક્યાં. (પાંચ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. ઈંડામાંથી રંગનું બચ્ચું નીકળ્યું. (રાખોડી, મોટું)

૩. ભાઈબહેને બતક સાથે રમવાનું બંધ કર્યું. (ચારેય, કદરૂપા)

૪. વાવાઝોડાથી બચવા બતકડું જગ્યા શોધવા લાગ્યું. (સલામત)

૫. સમય પછી બતકડું સરોવર પાસે પહોચ્યું. (થોડા, સુંદર, કદરૂપું)

## કૌંસમાંના કોઈ એક શબ્દનો ઉપયોગ કરી વાક્ય જોડો :

૧. વાનરસેના એક ડાળથી બીજી ડાળે કૂદે. વાનરસેના ફળ ખાય. ('અને' અથવા 'પણ')

૨. મારાથી હવે નહીં દોડાય. હું થાકી ગઈ છું. ('પણ' અથવા 'કારણ કે')

૩. જગ્ગુની પકડ છૂટી ગઈ. બધા વાંદરા પાણીમાં જઈને પડ્યા. ('કારણ કે' અથવા 'તેથી')

૪. હંસને ધ્રાસકો પડ્યો. હવે કાચબો મરી જશે. ('કે' અથવા 'પણ')

૫. કાચબાભાઈ તો છેક ઊંચેથી પડ્યા. મરી ગયા નહીં. તેમણે પેરાશૂટ પહેરેલું. ('અને' અથવા 'છતાં' અથવા 'કારણ કે')

## મોટેથી ગાઓ :

પૂંછડી હોય તો ડાહ્યો થાઉં.
નહીંતર હું રઘવાયો થાઉં.
પાંખ નહીં પણ આભે ઊડું.
કહેશો તમે હું કોણ છું ?

જંગલ કેરી ઝાડીમાં, ગેંડો મળીયો સામો
જાડો પાડો લાગે જાણે હાથીડાનો મામો.
રીંછ રૂડું વાળ થરકતું છુમછુમ કરતું નાચે
મદારીની સોટી જોતાં છાપું લઈને વાંચે

## હસો :

**વંદના :** આખા દિવસનું સૌથી અઘરું કામ મારે બ્રશ કરતાં પહેલાં જ કરવું પડે છે.

**મેઘા :** એવું તે કયું કામ?

**વંદના :** સવારે ઊંઘમાંથી જાગવું પડે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in